# યુદ્ધવિરામ કરાર પર અનિશ્ચિતતા યથાવત

**ટ્રમ્પની** બેઠક નિર્ણય વિના સમાપ્ત
પરમાણુ મુદ્દે બંને દેશોના દાવા અલગ-અલગ

વોશિંગ્ટન, તા. 30: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે વ્હાઇટ હાઉસના સિચ્યુએશન રૂમમાં તેમના સલાહકારો સાથે એક બેઠક યોજી હતી, પરંતુ ઇરાન યુદ્ધવિરામને લંબાવવા અને હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવા માટેની સમજૂતી સાથે આગળ વધવું કે કેમ તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. બીજી તરફ, ઇરાને જણાવ્યું છે કે આ કરારને હજી આખરી ઓપ આપવામાં આવ્યો નથી.

બેઠક પહેલાં ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ "આખરી નિર્ણય" લેવા તરફ જોઈ રહ્યા છે. જોકે, વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ પાછળથી જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સહયોગીઓ સાથેની આશરે બે કલાક ચાલેલી બેઠક કોઈ પણ નિર્ણય વિના સમાપ્ત થઈ ગઈ હતી. જાહેરમાં ટિપ્પણી કરવા માટે અધિકૃત ન હોવાના કારણે નામ ન આપવાની શરતે વાત કરનારા આ અધિકારીએ જણાવ્યું કે, ટ્રમ્પ માત્ર એવા જ કરાર પર હસ્તાક્ષર કરશે જે તેમની લક્ષ્મણરેખાને સંતોષે અને ઇરાનની પરમાણુ મહત્વાકાંક્ષાઓ પર લગામ લગાવે.

એસોસિએટેડ પ્રેસ(AP) અને અન્ય સમાચાર માધ્યમોએ અમેરિકા અને ઇરાની વાટાઘાટકારો વચ્ચે કામચલાઉ કરાર પર સહમતી સધાઈ હોવાના અહેવાલ આપ્યાના બીજા જ દિવસે ટ્રમ્પે આ ઉચ્ચ સ્તરીય મંત્રણાની પુષ્ટિ કરી હતી. આ સમજૂતી હેઠળ ઇરાનના વિવાદિત પરમાણુ કાર્યક્રમ પર નવી મંત્રણાઓ યોજાય ત્યાં સુધી નાજુક યુદ્ધવિરામને વધુ ૬૦ દિવસ માટે લંબાવવામાં આવશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે ઇરાને સહમત થવું જ પડશે કે તેઓ ક્યારેય પરમાણુ હથિયાર કે બોમ્બ બનાવશે નહીં. તેમણે એમ પણ જણાવ્યું કે આ સામુદ્રધુનીને આંતરરાષ્ટ્રીય પરિવહન માટે ફરીથી ખોલવી પડશે અને દરિયાઈ ક્ષેત્રમાં બિછાવેલી તમામ સુરંગોનો નાશ કરવો પડશે.

ટ્રમ્પની બેઠક પૂર્ણ થાય તે પહેલાં, ઇરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બગાઈએ સરકારી પ્રસારણકર્તાને જણાવ્યું હતું કે આ કરારને હજુ સુધી આખરી ઓપ આપવામાં આવ્યો નથી.

### હોર્મુઝમાંથી હાલ રોજના બે ડઝન જહાજો પસાર થાય છે: ઇરાન

ઇરાને જણાવ્યું છે કે તે કેટલાક વ્યાપારી જહાજોને પસાર થવા દે છે - તાજેતરના દિવસોમાં દૈનિક આશરે બે ડઝન જહાજો પસાર થાય છે, જ્યારે યુદ્ધ પહેલાં દરરોજ ૧૦૦ થી વધુ જહાજો પસાર થતા હતા. પરંતુ ઇસ્લામિક રિપબ્લિકે ઓછામાં ઓછા કેટલાક જહાજો પાસેથી ટોલ પણ વસૂલ્યો છે અને આ મહિનાની શરૂઆતમાં એક સત્તાવાર ગેટકીપર એજન્સીની સ્થાપના કરી છે, જેના કારણે આ અઠવાડિયે યુએસ દ્વારા નવા પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

### સમજૂતિ થશે તો ઇરાનને 300 અબજ ડોલરનું ફંડ મળશે

અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રસ્તાવિત 60 દિવસના યુદ્ધવિરામ કરારમાં ઈરાનને મોટી આર્થિક મદદ આપવાની વાત સામે આવી છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, જો આ કરાર થશે તો ઈરાનને 300 અબજ ડોલર (આશરે ₹28.53 લાખ કરોડ રૂપિયા)નું ફંડ આપવામાં આવી શકે છે. આ સાથે જ અમેરિકન કંપનીઓને ઈરાનમાં રોકાણ કરવાની મંજૂરી પણ મળી શકે છે. એક ઈરાની અધિકારીએ આને 'રીકન્સ્ટ્રક્શન પ્રોગ્રામ' ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે અંતિમ કરાર પર હસ્તાક્ષર થયા બાદ ઈરાનને આ આર્થિક સહાય આપવાનું વચન આપવામાં આવશે. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે બંને દેશો પરમાણુ કાર્યક્રમને લઈને કરારની ખૂબ નજીક છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, ઈરાન પરમાણુ હથિયારો નહીં બનાવે અને તેની પાસે રહેલા સંવર્ધિત યુરેનિયમનો નાશ કરવામાં આવશે. જો કે, ઈરાને ટ્રમ્પના આ દાવાને ફગાવી દીધો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘઈએ જણાવ્યું કે હાલમાં પરમાણુ મુદ્દે કોઈ વાતચીત ચાલી રહી નથી.

### કેન્દ્ર છોડી ગયેલા 3,700થી વધુ વિદ્યાર્થીઓને ફરીથી મળશે તક

# CUET પરીક્ષામાં ટેકનિકલ ખામી

**શનિવારે** કેટલાક કેન્દ્રો પર ટેકનીકલ ખામીને કારણે શિફ્ટ-૧ શરૂ કરવામાં વિલંબ થયો હતો

**આને** કારણે ૩૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપ્યા વિના જ પાછા ફરવું પડ્યું હતું સર્વિસ પ્રોવાઇડર TCS iON પાસે તાત્કાલિક રિપોર્ટ માંગવામાં આવ્યો

નવી દિલ્હી, 30(પીટીઆઈ): નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જણાવ્યું છે કે શનિવારે ટેકનિકલ ખામીને કારણે ટેસ્ટની શિફ્ટ 1 શરૂ થવામાં વિલંબ થયા બાદ, પોતાના પરીક્ષા કેન્દ્રો છોડીને જતા રહેલા 3,700 થી વધુ CUET (UG) 2026ના ઉમેદવારોને અંડરગ્રેજ્યુએટ પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષામાં ફરીથી બેસવાની એક વખતની તક આપવામાં આવશે.

આ વિક્ષેપ પછી, પ્રભાવિત કેન્દ્રો પર પરીક્ષાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) એ જણાવ્યું હતું કે મોટાભાગના ઉમેદવારો(આશરે 95 ટકા) પરીક્ષા ફરી શરૂ થયા પછી તેને પૂર્ણ કરવામાં સક્ષમ રહ્યા હતા. NTA એ X પર જણાવ્યું કે, મોટાભાગના ઉમેદવારો પરીક્ષા ફરી શરૂ થયા પછી તેને પૂર્ણ કરી શક્યા હતા. અમે સમજીએ છીએ કે 3,765 ઉમેદવારો જેઓ હાજર હતા અને જેમણે બાયોમેટ્રિક રજીસ્ટ્રેશન પૂર્ણ કર્યું હતું, તેઓ પરીક્ષા ફરી શરૂ થાય તે પહેલાં જવાનું પસંદ કર્યું હતું.

તેણે ઉમેર્યું, આ ઉમેદવારો માટે, NTA એક વખતની વ્યવસ્થા તરીકે ફરીથી ગોઠવણ કરેલી પરીક્ષા યોજશે. એજન્સીએ જણાવ્યું કે નવી તારીખ અને વિગતો અલગથી જાહેર કરવામાં આવશે.

તેણે એમ પણ જણાવ્યું કે ટેકનિકલ સર્વિસ પ્રોવાઈડર, TCS iONને રૂટ-કોઝ એનાલિસિસ(ખામીના મૂળ કારણની તપાસ) કરવા અને તેનો રિપોર્ટ તાત્કાલિક સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે, કારણ કે ટેકનિકલ ખામીને લીધે કેટલાક કેન્દ્રો પર પરીક્ષા શરૂ થવામાં વિલંબ થયો હતો. એજન્સીએ જણાવ્યું કે, આજે વહેલી સવારે, કેટલાક કેન્દ્રો પર ટેકનિકલ ખામી સર્જાઈ હતી જેના કારણે શિફ્ટ 1 શરૂ થવામાં વિલંબ થયો હતો. અમે જાણીએ છીએ કે આ તણાવપૂર્ણ હતું, અને તેનાથી જે ચિંતા થઈ તે માટે અમે દિલગીર છીએ. ટેકનિકલ સર્વિસ પ્રોવાઈડર, TCS iON ને આ ખામીના મૂળ કારણની તપાસ કરવા અને તેનો રિપોર્ટ તાત્કાલિક સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે.




# લાઓસમાં ચાર ગ્રામજનો દસ દિવસ સુધી ગુફામાં ફસાયેલા રહ્યા

**સોનુ** શોધવા દુર્ગમ પહાડી વિસ્તારમાં ગયા હતા, ગુફામાં અચાનક પૂરનું પાણી ધસી આવતા ફસાઇ ગયા

**લાઓસ** અને થાઇલેન્ડના બચાવ જૂથોએ ભારે જહેમત પછી બહાર કાઢ્યા

બેંગકોક, તા. ૩૦: લાઓસમાં બચાવ કામગીરીના કર્મચારીઓએ જણાવ્યું છે કે, તેઓએ ૧૦ દિવસથી પૂરના પાણી ભરાયેલી ગુફામાં ફસાયેલા બાકીના ચાર ગ્રામજનોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા છે. આના એક દિવસ પહેલાં જ અન્ય એક વ્યક્તિને પણ સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવી હતી.

લાઓસ અને થાઈલેન્ડના બચાવ જૂથોએ આ સફળ ઓપરેશન વિશે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે, સાથે જ ઓક્સિજન માસ્ક પહેરેલા અને ફોઈલ બ્લેન્કેટમાં લપેટેલા સ્ટ્રેટચર પર સૂતેલા પુરુષોના ફોટા પણ શેર કર્યા છે. અહેવાલો અનુસાર, આ ગ્રામજનો ગયા અઠવાડિયે કિંમતી ખનિજોની શોધમાં ગુફામાં પ્રવેશ્યા હતા, પરંતુ અચાનક આવેલા પૂરને કારણે બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ જતાં તેઓ ત્યાં જ ફસાઈ ગયા હતા. અન્ય એક ગ્રામજન સમયસર બહાર નીકળવામાં સફળ રહ્યો હતો અને તેણે પાછળ રહી ગયેલા સાત લોકો વિશે સત્તાવાળાઓને જાણ કરી હતી. હજુ પણ બે લોકોનો પતો લાગ્યો નથી. પ્રારંભિક સરકારી મીડિયા અહેવાલો અનુસાર, આ જૂથ મધ્ય ઝાયસોમ્બૌન પ્રાંતના એક દૂરના પહાડી વિસ્તારમાં આવેલી ગુફામાં ૨૦ મેથી ફસાયેલું હતું. તેઓ સોનાની શોધ કરી રહ્યા હતા ત્યારે જ અચાનક આવેલા પૂરમાં ફસાઈ ગયા હતા.

# પાકિસ્તાનના દાદુ શહેરમાં ગરમીએ ૫૧.૫ ડીગ્રીનો નવો વિક્રમ સર્જ્યો

**સિંધ** પ્રાંતમાં કાળઝાળ ગરમી, અન્ય ચાર સ્થળે પણ પારો ૫૦ ડીગ્રીને પાર

કરાચી, ૩૦ મે(PTI): પાકિસ્તાનના સિંધ પ્રાંતના મોટાભાગના વિસ્તારોમાં કાળઝાળ ગરમીનું મોજું યથાવત રહેતા શનિવારે દાદુમાં ૫૧.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નવો રેકોર્ડ નોંધાયો હતો.

પાકિસ્તાન હવામાન વિભાગ(PMD) ના ડેટા દર્શાવે છે કે આ પૂર્વે ૧૮ મે, ૨૦૧૯ ના રોજ દાદુમાં અત્યાર સુધીનું સૌથી વધુ ૫૧.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. PMDની કરાચી ઓફિસના મુખ્ય હવામાનશાસ્ત્રી સરફરાઝ ખાને જણાવ્યું હતું કે, શનિવારે મોડી બપોર સુધીમાં જેકોબાબાદમાં પણ ૫૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે અન્ય ત્રણ સ્થળો - શહીદ બેનઝીરાબાદ (નવાબશાહ), લારકાના અને મોહેં-જો-દડોમાં પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને આંબી ગયો હતો. તેમણે જણાવ્યું કે, મોડી બપોર સુધીમાં દાદુમાં તાપમાન ૫૧.૫ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જે આ શહેર માટે મહત્તમ તાપમાનનો એક નવો રેકોર્ડ છે. તેમણે ઉમેર્યું કે, આવું પ્રથમ વખત નથી બન્યું. સિંધ પ્રાંતમાં આ પહેલા પણ ઊંચું તાપમાન નોંધાયું છે. વર્ષ ૨૦૨૪માં મોહેં-જો-દડો શહેરના અવશેષોવાળા વિસ્તારમાં તાપમાન ૫૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. ખાને જણાવ્યું હતું કે કરાચીમાં મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે સિંધના અન્ય સ્થળો જેવા કે સકરંદ, ઘોટકી અને ખૈરપુરમાં તાપમાન ૪૬ થી ૪૯ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું હતું. હવામાન વિભાગ અને સિંધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ રવિવારે પણ સિંધ અને બલોચિસ્તાન પ્રાંતમાં વધુ ગરમ અને સૂકા હવામાનની આગાહી કરી છે અને લોકોને, ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને સીધા સૂર્યપ્રકાશમાં બહાર જવાનું ટાળવા ચેતવણી આપી છે.

### રાબડી દેવીનો સમ્રાટ ચૌધરીને પડકાર

# 'બંગલો ખાલી નહીં કરું, તાકાત હોય તો કાઢી મૂકો'

**૧૦,** સર્ક્યુલર રોડનો બંગલો અન્ય મંત્રીને ફાળવાતાં લાલુ પરિવાર ગુસ્સે

પટના, તા. ૩૦ (PTI): બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીએ શનિવારે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને પડકાર ફેંક્યો હતો કે, તેઓ એક દાયકા કરતાં વધુ સમયથી જે સરકારી બંગલામાં રહી રહ્યા છે ત્યાંથી તેમને બળજબરીપૂર્વક બહાર કાઢી મૂકે. આરજેડી નેતા, જેમણે ૧૯૯૭થી ૨૦૦૫ સુધી મુખ્યમંત્રી તરીકે આઠ વર્ષનો કાર્યકાળ સંભાળ્યો હતો, તેઓ ત્યારે ગુસ્સે થઈ ગયા જ્યારે કેટલાક પત્રકારોએ તેમને ભવન નિર્માણ વિભાગના એક આદેશ વિશે પૂછ્યું, જેમાં પટનાના ૧૦, સર્ક્યુલર રોડ સ્થિત બંગલાને ડેરી અને મત્સ્યોદ્યોગ મંત્રી નંદ કિશોર રામને ફાળવવામાં આવ્યો છે. આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદના ગુસ્સે ભરાયેલાં પત્નીએ જણાવ્યું કે, હા, હું જોઈ શકું છું કે સમ્રાટ ચૌધરી, જેઓ તાજેતરમાં જ મુખ્યમંત્રી બન્યા છે, તેઓ ખૂબ જ ઉત્સાહિત છે. તેમને મને બળજબરીપૂર્વક બહાર કાઢવા દો. હું આ જગ્યા ખાલી કરવાની નથી. રાબડી દેવીને આ ઘટનાક્રમ વિશે અહીં એરપોર્ટ પર પૂછવામાં આવ્યું હતું. જ્યારે તેઓ દિલ્હીમાં ટૂંકી રજાઓ વિતાવીને પરત ફર્યા હતા, જ્યાં તેમણે તેમના પૌત્રનો જન્મદિવસ ઉજવ્યો હતો અને જ્યાંથી તેમના પતિ તબીબી સારવાર માટે સિંગાપોર ગયા હોવાનું કહેવાય છે.

# દિલ્હીમાં ISI-દાઉદ નેટવર્ક સાથે જોડાયેલા 8 લોકોની ધરપકડ

**મુંબઈ-દિલ્હી** સહિતના ધાર્મિક સ્થળો અને સરકારી ઇમારતો પર હુમલાનું હતું કાવતરું; પાકિસ્તાની હથિયારો અને ગ્રેનેડ જપ્ત



નવી દિલ્હી, તા. 30: દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ, દાઉદ ઈબ્રાહિમ અને શહઝાદ ભટ્ટી નેટવર્ક સાથે જોડાયેલા 8 લોકોની ધરપકડ કરી છે. તેમની પાસેથી પાકિસ્તાન બનાવટના હથિયારો, ગ્રેનેડ અને વિસ્ફોટકો મળી આવ્યા છે.

પોલીસે જણાવ્યું હતું કે, આ લોકો દિલ્હી, મુંબઈ, પંજાબ અને ચંદીગઢના અગ્રણી ધાર્મિક સ્થળો, સરકારી ઈમારતો, મંત્રાલયો અને સુરક્ષા દળો પર હુમલાનું કાવતરું ઘડી રહ્યા હતા. આ આતંકી મોડ્યુલ લાંબા સમયથી તૈયાર કરવામાં આવી રહ્યું હતું.

તમામ આરોપીઓ પાકિસ્તાન અને દુબઈમાં બેઠેલા હેન્ડલર્સના સંપર્કમાં હતા. સુરક્ષા એજન્સીઓ હવે ફંડિંગ સોર્સ, માસ્ટરમાઈન્ડ અને સ્થાનિક મદદગારોની શોધ કરી રહી છે.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં ઉત્તર પ્રદેશનો વિજય ઉર્ફે શૂટર, ઝારખંડનો નીતિશ પાસવાન, મહારાષ્ટ્રના તૌકીર રિઝવાન અહેમદ શેખ અને સાજિદ મહેબૂબ શેખ ઉર્ફે અરબાઝ ખાન, પંજાબના હરવિંદર સિંહ, ગગનદીપ સિંહ અને મનજીત સિંહ તેમ જ નેપાળનો નાગરિક આંગ કામી લામા સામેલ છે.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના અનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલા લોકો પાસેથી પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીમાં બનેલી ગ્લોક પિસ્તોલ, 25 કારતૂસ અને ચાર ગ્રેનેડ પણ મળી આવ્યા હતા. બાદમાં મહેરૌલીના એક નિર્જન વિસ્તારમાં એનએસજીની મદદથી આ ગ્રેનેડનો નાશ કરવામાં આવ્યો હતો.

### ચીન-પાકિસ્તાનની વધતી જુગલબંધી પર કડક નજર: નૌકાદળના વડા

# હિંદ મહાસાગરમાં ભારતની કિલ્લેબંધી

**બે** મોરચાના જોખમો સામે નૌકાદળની એન્ટી-સબમરીન ક્ષમતામાં મોટો વધારો

નવી દિલ્હી, તા. 30(પીટીઆઈ): હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાન તરફથી બે મોરચાના કોઈપણ જોખમનો સામનો કરવા માટે ભારતીય નૌકાદળે તેની એન્ટી-સબમરીન વોરફેર ક્ષમતા, પાણીની અંદરથી દેખરેખ અને નેટવર્ક-કેન્દ્રિત ઓપરેશન્સમાં નોંધપાત્ર વધારો કર્યો છે, તેમ નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ શનિવારે જણાવ્યું હતું. પીટીઆઈને આપેલા એક ખાસ ઈન્ટરવ્યુમાં એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, નૌકાદળના પ્રયાસો કોઈ ચોક્કસ દેશને નિશાન બનાવવા માટે નથી, પરંતુ ભારતની દરિયાઈ હિતોની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે છે. તેમની આ ટિપ્પણી હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનની પીએલએ નેવીની વધતી હાજરી અને પાકિસ્તાન સાથે તેની ગાઢ બનતી દરિયાઈ ભાગીદારી વચ્ચે આવી છે. તેમણે કહ્યું, અમે સંપૂર્ણપણે વાકેફ છીએ કે હિંદ મહાસાગર ક્ષેત્ર વધતી જતી વ્યૂહાત્મક સ્પર્ધા અને પ્રાદેશિક બહારના દેશોની વધુ હાજરીનો સાક્ષી બની રહ્યો છે, જે આપણને 'સહકારના યુગ' માંથી 'તીવ્ર સ્પર્ધાના યુગ' તરફ લઈ જઈ રહ્યો છે.

એક વ્યાવસાયિક દરિયાઈ દળ તરીકે, ભારતીય નૌકાદળ તમામ પ્રાદેશિક વિકાસ પર ખૂબ જ નજીકથી નજર રાખે છે, અને અમારો અભિગમ સંપૂર્ણપણે ક્ષમતા-આધારિત અને જોખમોથી માહિતગાર રહે છે.

## પેજ3

### મની લોન્ડરિંગ કેસ: જેક્લીન ફર્નાન્ડીઝ અને સુકેશ ચંદ્રશેખર સામે આરોપો ઘડવા દિલ્હી કોર્ટનો આદેશ



નવી દિલ્હી, તા. ૩૦ (PTI) દિલ્હીની એક અદાલતે શનિવારે ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં અભિનેત્રી જેક્લીન ફર્નાન્ડીઝ, કથિત મહાઠગ સુકેશ ચંદ્રશેખર અને અન્ય ૧૫ લોકો સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે. એડિશનલ સેશન્સ જજ (એએસજે) પ્રશાંત શર્માએ જણાવ્યું હતું કે, "પ્રથમ દૃષ્ટિએ રેકોર્ડ પર પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે, જેના આધારે તમામ આરોપીઓ સામે મજબૂત શંકા પેદા થાય છે." એએસજેએ જણાવ્યું હતું કે, આરોપીઓ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) ની કલમ ૩ હેઠળ (મની લોન્ડરિંગના) ગુના માટે આરોપ ઘડવા જોઈએ, જે પીએમએલએની કલમ ૪ હેઠળ સજાપાત્ર છે." તમામ આરોપીઓને ૩ જૂનના રોજ ઔપચારિક રીતે આરોપો ઘડવા માટે બોલાવવામાં આવ્યા છે, જે પછી આ કેસમાં ટ્રાયલ શરૂ થશે.

### સિનેમામાં 60 વર્ષ પૂર્ણ કરવા પર હેમા માલિનીનું સન્માન કરવામાં આવશે



મુંબઈ, તા. 30: બોલીવૂડ અભિનેત્રી અને સાંસદ હેમા માલિની ફિલ્મોમાં પોતાની અભિનય કુશળતાથી પોતાનું કૌશલ્ય સાબિત કર્યા પછી હવે લાઇવ ગાયન કારકિર્દી શરૂ કરવા માટે તૈયાર છે. આ તેમનો પ્રથમ વખત સ્ટેજ પર લાઇવ ગાવાનો પ્રસંગ હશે. તેમની ફિલ્મી કારકિર્દીની 60મી વર્ષગાંઠ નિમિત્તે તેમને 'ધ ડ્રીમ ગર્લ્સ ડાયમંડ જ્યુબિલી કોન્સર્ટ' દ્વારા સન્માનિત કરવામાં આવશે.

### એક યુગનો અંત: ડેવિડ ધવને લીધી નિવૃત્તિ



મુંબઈ, તા. 30 : ડેવિડ ધવને પોતાની નિવૃત્તિની જાહેરાત કરવી એ કંઈક અલગ જ અહેસાસ કરાવે છે. એવું લાગે છે કે, હાસ્યથી ભરેલી એ અવિરત રવિવારની બપોરો પર આખરે આખરી ક્રેડિટ્સ રોલ થઈ રહી છે. અભિનેતા-પુત્ર વરુણ સાથેની તેમની છેલ્લી ફિલ્મ, 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ', એક એવા પ્રકરણને બંધ કરે છે જેણે આપણને 'કુલી નંબર ૧', 'હીરો નંબર ૧', 'સાજન ચલે સસુરાલ', 'દીવાના મસ્તાના', 'હસીના માન જાયેગી' અને આવી તો ઘણી બધી ફિલ્મો આપી.

બાલાજી બંગ્લોઝ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ.
શ્રીરામ માર્બલની પાછળ, મહિલા આઈ.ટી.આઈ. પાસે, ભીમરાડ, સુરત
રજી.નોંધણી નં. : એસઆરટી/સા.(હા) ૧૦૬૬૭ સને ૨૦૧૭ તા.૨૫.૦૭.૨૦૧૭
વાર્ષિક સાધારણ સભા
આથી બાલાજી બંગ્લોઝના તમામ પ્લોટ હોલ્ડરો / મકાન માલિકોને જણાવવાનું કે સોસાયટીની વાર્ષિક સાધારણ સભા તા.૦૭.૦૬.૨૦૨૬ ને રવિવારનાં રોજ સવારે ૯.૦૦ કલાકે સોસાયટીમાં રાખવામાં આવેલ છે.
નોંધ : જે સભ્યોના શેર સર્ટીફીકેટ લેવાના બાકી હોય તેમણે સોસાયટીમાં તમામ બાકી લેણા ચુકવી શેર સર્ટીફીકેટ મેળવી લેવાના રહેશે.
પ્રમુખશ્રી
બાલાજી બંગ્લોઝ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લિ., સુરત.

DGVCL
દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
CINU40102GJ2003SGC042909
રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા
ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ 3003)
DGVCL

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી મોટા રાયપુરા | તમામ ફીડર | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી મહીજીપુરા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી કાસોટીયા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી ઝાઝપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ડાબકા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી પાટલામહુ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી દાભવણ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૧.૦૬.૨૦૨૬(સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી બેડવાણ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૯ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી અલમાવાડી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૧.૦૬.૨૦૨૬(સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ખર્ચીપાડા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી લાછરસ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૧.૦૬.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી દેવમોગરા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ગોળદા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી સંજાલી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ચિકદા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ગોપાલિયા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી રાજપીપળા ટાઉન | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ખટમ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ગઢ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી અણીજરા | ૧૧ કેવી ભદામ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૧ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી કેસરપુરા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૨ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી નલિયા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૨.૦૬.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૩ | ૬૬ કેવી પ્રતાપનગર | ૬૬ કેવી માંડવી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૪ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ડુમખલ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૫ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી ગોરા જેજીવાય | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૬ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી ટીંબી જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી કાકરપાડા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૦ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૧ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી વજેરીયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૨ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી સાહેબપૂરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૩.૦૬.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૩ | ૬૬ કેવી વણાકપોર | ૧૧ કેવી પીપાદરા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૪ | ૬૬ કેવી ઉમરાણ | ૧૧ કેવી મોસ્કુટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૫ | ૬૬ કેવી ઉમરાણ | ૧૧ કેવી વાડવા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૭ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૮ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી બુંજેઠા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૯ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી ટાંકા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૦ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી સાહેબપૂરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૧ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પંચવટી અર્બન | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૨ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ઘાંટા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૩ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી તરોપા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૪ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી વરખડ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૫ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સામોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૪.૦૬.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૬ | ૬૬ કેવી પાણેથા | ૧૧ કેવી મોટા વાસણા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૭ | ૬૬ કેવી ખૈડીપાડા | ૧૧ કેવી રોઝઘાટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૮ | ૬૬ કેવી ખૈડીપાડા | ૧૧ કેવી ઝાંક એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૯ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૦ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૧ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી જી.ડબલ્યુ. એસ.એસ.બી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૨ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી ગોરા જેજીવાય | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૩ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઈચા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૪ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી રસેલા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૫ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ગંગાપુર જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૬ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી જરગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૦૫.૦૬.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૭ | ૬૬ કેવી ખૈડીપાડા | ૧૧ કેવી બોરીપીઠા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૮ | ૬૬ કેવી ખૈડીપાડા | ૧૧ કેવી રૂખલ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૯ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી અગર જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૦ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી ખાટા આશીત્રા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૧ | ૬૬ કેવી નેત્રંગ | ૧૧ કેવી અશનાવી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૨ | ૬૬ કેવી ઓરી | ૧૧ કેવી પાટણા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૩ | ૬૬ કેવી ઓરી | ૧૧ કેવી નવાપરા એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૪ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી કોલેજ અર્બન | રાજપીપાલા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૦૬.૦૬.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬૫ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી તિલકવાડા ટાઉન | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૦૭.૦૬.૨૦૨૬ (રવિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠોચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી,રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો